# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા  સ્થાપિત)


એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૪૬૦૧૧૦ તા. ૦૨/૧૨/૨૦૧૯

## પરીપત્ર : ૧૦૩૨

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, માન્ય પી.જી. કેન્દ્રો અને સંસ્થાઓના આચાર્યશ્રીઓ, પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ અને વડાશ્રીઓ તથા અનુસ્નાતક ભવનના કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, વિદ્યાર્થી વિકાસ નિધિ ટ્રસ્ટ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સંયુક્ત ઉપક્રમે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના સૌજન્યથી તા.૧૪-૧૫ ડીસેમ્બર-૨૦૧૯ ના રોજ ગોધરા ખાતે પ્રદેશ કક્ષાના "જનજાતિ યુવાનાદ" સંમેલનનું આયોજન થનાર છે. આ સંમેલનના માધ્યમથી ગુજરાતના જનજાતિ જીલ્લાના વિદ્યાર્થીઓને એકત્રિત કરી તેઓનામાં જનજાતિ સંસ્કૃતિ, પરંપરા અને ગૌરવ પ્રત્યે સ્વાભિમાન જાગૃત થાય તેવો પ્રયાસ છે. ઉપરાંત તેમના વિવિધ શૈક્ષણિક અને સામાજિક પ્રશ્નો પર વિવિધ સત્રો દ્વારા ચર્ચા અને ચર્ચાના અંતે પ્રસ્તાવ તૈયાર થનાર છે. આ સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન તા.૧૩/૧૨/૨૦૧૯ સાંજના ૫:૦૦ કલાક સુધીમાં જય જલારામ ઇન્ટરનેશનલ સ્કુલ, દાહોદ રોડ, ગોધરા ખાતે કરાવવાનું રહેશે. તેમજ આ સંમેલનમાં જનજાતિ સંસ્કૃતિની ઝાંખી કરાવતો એક ભવ્ય સંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે જેમાં કૃતિ રજુ કરવા અગાઉથી નોંધણી કરાવવાની રહેશે તેમજ પ્રતિનિધિ વિદ્યાર્થીઓ શોભાયાત્રા હેતુ જનજાતિ અનુસારનો પહેરવેશ સાથે લઈને આવે તેવી અપેક્ષા છે. ઉપરોક્ત તમામ વિગતો ધ્યાને લઈ આ અંગેની માહિતી સંબંધિત વિદ્યાર્થીઓ સુધી પહોચતી કરવા અને વધુમાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આ સંમેલનનો લાભ લે તે માટે જરૂરી સઘન પ્રયત્નો હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, માન્ય પી.જી. કેન્દ્રો અને સંસ્થાઓના આચાર્યશ્રીઓ, પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ અને વડાશ્રીઓ તથા અનુસ્નાતક ભવનના કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું